તા. ૧૭/૦૭/૨૦૧૨

# ૨૧ મી સદીનું સૌથી મોટું દૂષણ – ભષ્ટાચાર

**છેલ્લા કેટલાક વર્ષોથી આપણે એક અવનવું પરિવર્તન સમાજમાં જોઇ રહ્યાં છીએ. પ્રત્યેક વ્યક્તિને કોઈને કોઈ શૉર્ટકટ વાપરીને મોટા થઈ જવું છે. ઇન્ટરનેટ અને મોબાઇલનાં સથવારે વિસ્તરેલી ૨૧ મી સદીનું સૌથી મોટું દૂષણ ગણો તો દૂષણ અને પ્રદૂષણ ગણો તો પ્રદૂષણ પણ આ નવા યુગે માનવીનાં મનને નાનું કરી દીધું છે. જુઠ્ઠાણું, ફરેબી, કરચોરી , ભષ્ટાચાર અને કમિશન એ બધા જ દુષણોને આજકાલ આપણે સૌ સાવ સહજ માનતા થઈ ગયા છીએ. અને તેથી જ આપણા અખબારો અને ટી.વી. ચેનલોમાં છાસવારે કૌભાંડ ચમકતા રહે છે.**

**વર્ષોથી અનેક કૌભાંડ ચર્ચાતા રહેલા છે.**

**આઝાદી પછીનાં ભારતનાં ભૂતકાળમાં ડોકિયું કરીએ તો મેનનનાં જીપકાર કૌભાંડથી શરૂ કરી બોફોર્સ, હવાલા, તહેલકા, ઘાસચારા, કોફિન,તેલગી,મેડીકલ કાઉન્સીલ,કોમનવેલ્થ ગેમ્સ વિગેરે અનેક કૌભાંડ ની આખી યાદી તૈયાર થઈ છે.**

**શિક્ષક તરીકે નોકરી કરતાં જોવા મળ્યું છે કે આપણા ગુજરાતના શિક્ષણ જગતમાં પણ ભષ્ટાચાર મોટાભાગની ડીઈઓ ઓફિસોમાં જોવા મળેલ છે.** શિક્ષક ભરતી-એનોસી-જીપીએફ ઉપાડ-છઠ્ઠા પગાર આકારણી – **સ્ટીકર – સીપીએફ નંબર – મેડીકલ બિલો- પૂર્ણ પગાર - વર્ગ વધારો-એરિયર્સ બિલ મંજૂર-ફાજલ શિક્ષક ગોઠવણી- ટ્યુશન હપ્તા** કે બીજા ઘણા નાના મોટા કામોમાં ટેબલ નીચે અને ટેબલ ઉપર પૈસાનો વ્યવહાર થાય છે. ડીઈઓ ઓફિસોમાં આપણામાંથીજ (સારસ્વતો – **કારકુનો ) દલાલો બનીને બેઠેલા જોયેલા છે.** વર્ગમાં વિદ્યાર્થીઓ આગળ નિતીના પાઠોની બડાઈ હાંકતા કેટલાક આચાર્યો તથા શિક્ષકો પોતાના અંગત સ્વાર્થ ( ટ્યુશન તથા સ્ક્વોર્ડ ) ની લાલચે ડીઈઓના દલાલો બની ભષ્ટાચારને વેગ આપે છે. **અને સિસ્ટમને બદનામ કરે છે. દુખનો એ વાતનું થાય છે કે ડીઈઓ ઓફિસમાં.** પટાવાળામાંથી સામાન્ય કારકુન બનેલાની સામે શાળાનો આચાર્ય ( માસ્ટર ડીગ્રી) પોતાના અંગત કામની પતાવત માટે કરગરતો અને સાહેબ સાહેબ કરતો જોવા મળેલ છે **એક સામાન્ય પટાવાળામાંથી કારકુન બનેલાની સામે બુધ્ધિજીવી**

સારસ્વત કેમ ઘૂંટણિયે પડી જાય છે તે સમજાતું નથી. મિત્રો – જાગૃત થવાની જરૂર છે. મેં એ પણ જોયેલું છે કે ઘણી જગ્યાએ શિક્ષક સંઘો પણ આવા કર્મચારીઓ તથા ઓફિસોના પ્રભાવમાં આવી જાય છે. ગુજરાતના બહુ ઓછા સંઘો એવા છે કે જે ખરેખર શિક્ષકોના પ્રશ્નો માટે સતત ચિંતિંત છે. અને શિક્ષણના ભષ્ટાચારના દલાલોને ખુલ્લા પાડવા સતત લડતા રહ્યા છે.

આ પ્રસંગે યાદ કરવું ગમશે કે બનાસકાંઠા જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ શ્રી ઈલિયાસ સિંધી મંત્રી હરેશભાઈ ડાભી અને તેમના સંઘના બધાજ હોદેદારોના અથાગ પ્રયત્નથી બનાસકાંઠામાં શિક્ષકોના પ્રશ્નોને સાચી વાચા આપી શકાઈ છે અને ડીઈઓ ઓફિસના લાલચી – ભષ્ટાચારી એવા કારકુનોની બદલી કરાઈ શકેલ છે. શ્રી ઈલિયાસભાઈના કારણે કર્મયોગી તાલીમમાં થતા ભષ્ટાચાર અંગે અસરકારક રજૂઆત થઈ હતી અને આજે આપણે કર્મયોગી તાલીમ બિન નિવાસી સમતોલ આહાર – સગવડ સાથે લઈ શકીએ છીએ.આ ઉપરાંત ઘણાબધા શિક્ષકોના પ્રશ્નો પરત્વે તેઓ સતત સક્રિય રહ્યા છે.આવા લોકોની ખાસ જરૂર છે.આવા લોકોના સેવાનો લાભ મિત્રો આપણે લેવો જ રહ્યો. આવા સંઘના સક્રિય મિત્રોને બિનહરીફ ફરી ચૂંટવા જોઈએ.અને અન્ય સંઘના મિત્રોએ પણ બાહોશ બની ભષ્ટાચારના અજગરને નાથવા નીડર બનવાની જરૂર છે. એકલા ઈલિયાસભાઈ – હરેશભાઈ ડાભી કે એકલા બનાસકાંઠા શિક્ષક સંઘથીજ સિસ્ટમ સુધરવાની નથી. આપણા અન્ય સંઘના સભાસદોએ પણ સક્રિય થવાની જરૂર છે. આશા રાખીએ કે હવે પછી જ્યારેપણ સંઘોના નવા સભ્યોની રચના કરવાની થાય ત્યારે સિલેક્શનથી (ઈલેક્શન નહિ ) કામ કરે તેવા બાહોશ /નીડર પ્રમુખ-મંત્રી તથા સભ્યોને ગોઠવવા કે જેથી શિક્ષણ જગતને ભષ્ટાચારથી દૂર રાખી શકાય.

મિત્રો- મે જોયેલ છે કે જ્યારે જ્યારે પણ આવા ભષ્ટાચારના કૌભાંડના સમાચાર છાપાનાં પાને ચમકે ત્યારે થોડા દિવસ આપણે સૌ એટલે કે ભારતની આઝાદ અને ભડવીર બિધ્ધિજીવી પ્રજા.. સારસ્વત મિત્રો ફ્રી તાસમાં કે રીષેશમાં ટેબલ ઉપર પગ ઉપર પગ ચઢાવી કે ક્યાંક ગલીનાં નાકા પર આવેલા પાનનાં ગલ્લે કે ગામનાં ચોરે કે પછી ટ્રેનનાં કમ્પાર્ટમેન્ટમાં કૌભાંડની ઉગ્ર ચર્ચાઓ ચલાવીએ….! તેના ઉપર ચર્ચા અને ટીપ્પણીઓમાં પણ આપણું પ્રમુખસ્થાન હોય; અને આવી લગભગ બધી જ ચર્ચાઓનું તાત્પર્ય એ જ હોય કે આવા કૌભાંડીઓને કડકમાં કડક સજા થવી જોઈએ. પરંતુ બસ… ! આપણા સૌની આ ચર્ચાઓ માત્ર ચર્ચા બની રહે છે. કોઈ શિક્ષક નીડર બનીને સાચા અને સારા માટે રજૂઆત

કરતો નથી.ફક્ત વાતો કરવાથી કે સ્ટાફરૂમમાં ચર્ચા કરવાથી પ્રશ્નો ઉકેલાતા નથી. નહિતો દિવસો વીતતા છાપાની **હેડલાઇનમાં પણ કૌભાંડનાં સ્થાને બીજા કોઈ એવા જ હોટ ન્યૂઝ આવી જાય છે. અને લોકોની ચર્ચાઓનાં વિષય પણ બદલાય જાય છે..! અને કૌભોડીઓ – દલાલોને ઘી કેળાં થાય છે.**

**આવા કૌભાંડ થવાનું કારણ શું.? સમાજમાં આટલી બધી અનીતિ, અત્યાચાર અને ભ્રષ્ટાચાર ફેલાયો છે. તે દિવસેદિવસે વધતો જ કેમ જાય છે? શું આ ભ્રષ્ટાચારને નાથી શકાય નહીં.? શું કૌભાંડનો ક્યારેય અંત નહી આવે.? અને જો ઉપરનાં બધાં પ્રશ્નોનાં જવાબ આપી શકાય તેમ હોય તો તે કેવી રીતે શક્ય બને? આ પ્રશ્નોનું કાયમી નિરાકરણ આપણે ઈચ્છતા હોઈએ તો તે અંગે ખૂબ ગંભીરતાથી ચિંતન કરવું આવશ્યક છે. આપનેજ જાગૃત થઈ આપણા સંઘોના સૂતેલા પ્રતિનિધિઓને જગાડવાની જરૂર છે.**

**જિતેન્દ્ર પટેલ**
**મદદનીશ શિક્ષક**
**શ્રીમતી એમ.કે.પટેલ હાઈસ્કૂલ – ગોઝારિયા**